દાખલ તારીખ	૨૨/૦૧/૨૦૨૪		
રજીસ્ટર તારીખ	૨૫/૦૧/૨૦૨૪		
ફેસલ તારીખ	૨૦/૦૪/૨૦૨૬		
સમય	વર્ષ	માસ	દિવસ
	૦૨	૦૦	૨૪
આંક			

મે.સંતરામપુર એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં,
મુ.સંતરામપુર

ફોજદારી કેસ નં. ૪૮/૨૦૨૪

ફરીયાદી :– **લુકમાન રફીક દાઉદ(ડી જે મોબાઈલ)**

ઉ.વ.૩૭, ધંધો–વેપાર

રહે:ગોધરા ભાગોળ, તા:સંતરામપુર, જી:મહીસાગર

–:: વિરૂધ્ધ ::–

આરોપી :– **શેખ શકીલ સીકંદર**

ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર

રહે: ઈસ્લામપુરા કુવાવાળી ફળી,મુ.કપડવંજ,જી.ખેડા.

ફરીયાદ		**ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

ફરીયાદ પક્ષે	:	વિ.વ.શ્રી. એસ બી દાણી
આરોપી પક્ષે	:	વિ.વ.શ્રી. એ એન પરમાર

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે,અને ઈલેકટ્રોનિકસ ચીજ–વસ્તુઓનો વેપાર કરે છે. આરોપી ફરીયાદીની દુકાને આવતા જતા હોય એક બીજા સાથે મિત્રતા બંધાયેલ હતી. જેથી તા. ૧૦/૦૭/૨૦23 ના રોજ આરોપી ફરીયાદી પાસે આવી તેણે ત્રણ એસી ની જરૂરીયાત છે. અને તેના નાંણા

તે બે માસના સમયમાં આપશે તેવો વિશ્વાસ આપેલ હતો. આમ સારા સંબંધોના કારણે આરોપીના પસંદગીના ઓનીડા કંપનીના ૫ સ્ટાર એસી નંગ-૩ આપેલ હતા.અને તેના કુલ રૂ.૧,૫૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા બે માસમાં ચુકવવાના વાયદે એસી આપેલ હતા. સમય વિત્યાબાદ ફરીયાદીએ પૈસાની ઉઘરાણી કરતાં અનેક ગલ્લા-તલ્લા કરેલ.જેથી ફરીયાદીએ કડક ઉઘરાણી કરતા આરોપીએ એ યુ સ્મોલ ફાઈનાન્સ બેંક,સુરત શાખાનો તા:૩૦/૧૧/૨૦૨૩ ના રોજનો ખાતાનો ચેક નંબર ૦૦૦૦૦૨ નો રૂ. રૂ.૧,૫૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરાનો ફરીયાદીને આપેલો. જેથી ફરીયાદીએ તેના ચાલતા ખાતામાં ચેક જમાં કરાવતા આરોપીએ તે દિવસ એકાઉન્ટમાં પુરતુ બેલેન્સ ન રાખતા બેંકે તા. ૦૧/૧૨/૨૦૨૩ ના રોજ કારણ નં. ૦૧ થી ''ફંડ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે ચેક તથા મેમો પરત કરેલ. આમ આરોપી સારી રીતે જાણતા હતા કે તેઓના ખાંતામાં સંતોષકારક નાંણા ચેક આપ્યા દિવસે ન હતા. જેથી ફરીયાદીએ તેના વકીલ શ્રી મારફત આરોપીના સરનામે તા. ૧૬/૧૨/૨૦૨૩ ના રોજ રજી.પો.એડી.થી નોટીસ મોકલેલ હતી.અને આરોપી તેઓના રહેઠાણ ના સરનામે મળી નહી આવતા તેવા શેરા સાથે તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ અસલ કવર પરત ફરેલ છે.જેથી સદર ફરીયાદ કરવાની જરૂર પડેલ અને ફરીયાદના પેરા ૭ મુજબની રીલીફ માંગેલ છે.

(૩) ફરીયાદીની ઉપરોકત ફરીયાદ, વેરફીકેશન તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ આધારે હાલની ફરીયાદ અંગે કોગ્નીઝન્સ લઈ આરોપી સામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૪ અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ના ગુના માટે પ્રોસેસનો હુકમ કરેલ. આરોપીને સમન્સની બજવણી થતા અદાલતમાં ઉપસ્થિત થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ ૨૦૭ મુજબ આરોપીને ફરિયાદપક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. આરોપીને તેમની સામેના ગુન્હાની સમજ આપી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૫૧ મુજબ

આરોપીનું ગુન્હા સંબંધમા નિવેદન આંક–૧૪ થી લેવામાં આવતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ, જેથી કેસ આગળ ચલાવવા માં આવેલો અને કેસની ન્યાયીક કાર્યવાહી સમન્સ ટ્રાએબલ કેસ તરીકે ચલાવવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

મૌખિક પુરાવો

અ.નં.	શાહેદની વીગત સાહેદનું નામ	આંક
૧	ફરીયાદી **લુકમાન રફીક દાઉદ** ની સોગંદ ઉપર સરતપાસ	૪

દસ્તાવેજી પુરાવો

અ.નં.	વિગતદસ્તાવેજની વીગત	આંક
૧	આરોપીએ આપેલ અસલ ચેક નં. ૦૦૦૦૦૨	૨૨
૨	બેંકે આપેલ અસલ મેમો	૨૩
૩	ફરીયાદીના વકીલ મારફતે આપેલ નોટીસની સ્થળપ્રતની નકલ	૨૪
૪	નોટીસ આર.પી.એ.ડી મારફતે આરોપીને મોકલેલ તેની પોસ્ટખાતાની અસલ સ્થળપ્રત	૨૫
૫	આરોપીને સાચા સરનામે નોટીસ મોકલેલ તે અસલ કવર	૨૬

(૫) ઉપરોકત પુરાવાઓ સિવાય ફરિયાદ પક્ષ તર્ફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદીએ પુરાવા પૂર્ણ થયાનુ જાહેર કરેલ છે.

(૬) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે રજુ થયેલ પુરાાવાના અનુસંધાને આરોપીનુ ખુલાસા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં માટે રાખવામાં આવેલ પરંતુ આરોપીને હાજર નહી રહેતા તેઓનો વિશેષનીવેદનનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે

(૭) બાદ કામ દલીલો ઉપર રાખતા ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી એસ.બી.દાણી દલીલોમાં જણાવેલ છે કે આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી

માટે આરોપીએ તેમના ખાતાનો તકરારી ચેક આપેલ છે જે તકરારી ચેક ફરીયાદીએ તેના ખાતામાં વટાવવા સારૂ સમયમર્યાદામાં રજુ કરેલ જે અપુરતા ફંડના કારણે રીટર્ન થતા જે ચેકની રકમની માંગણી માટેની વૈધાનિક નોટીસ આરોપી ને આપેલ જે બજેલ હોવા છતાં ચેકની રકમ આરોપીએ અદા નહી કરતા હાલની ફરીયાદ આરોપી સામે કરવામાં આવેલ છે. ફરીયાદીએ સોગંદ ઉપર સ્પષ્ટ રીતે ફરીયાદ મુજબ પુરાવો આપેલ છે જેને ખંડન કરતી કોઈ હકકીત આરોપી પક્ષે લાવેલ નથી. ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવામાં આવેલ છે, ચેક આરોપીના ખાતાના છે તે પુરવાર થયેલ છે, ચેકમાં આરોપીની સહી છે તે પુરવાર થયેલ છે અને ચેક અપુરતા ભંડોળના કારણે રીટર્ન થયેલ છે તે પણ પુરવાર થયેલ છે. ચેક અવેજના બદલામાં આપવામાં આવેલ છે તે એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ ફરીયાદી ની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે. આરોપી પક્ષે આ અનુમાનનુ ખંડન કરતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. ફરીયાદીએ આરોપીને ચેક પરત થતા આરોપીનો નોટીસ આપેલ જે નોટીસ ધોરણસર આરોપીના ખરા સરનામે બજેલ છે અને જે રજુ કરેલ પોસ્ટ ખાતાના લેટરથી સાબીત થાય છે આમ ફરીયાદીએ પોતાનો કેસ સાબિત કરેલ હોય કાયદામાં ઠરાવેલ સજા આરોપીને કરવા અને વળતર અપાવવા માંગણી કરેલ છે.

(૮) પર કોન્ટ્રા આરોપી તરફથી વિ.વકીલ શ્રી.એ એન પરમાર ભારપૂર્વક દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદ પક્ષે તેઓનો કેસ વાજબી શંકાથી પર રહીને સાબીત કરવાનો રહે છે. પ્રથમ ફરીયાદીએ તકરારી ચેક કાયદેસરની લેણી રકમની વસૂલાત માટે આપવામાં આવેલ છે તેવુ સંતોષકારક પુરવારથી બતાવવાનુ રહે છે ફરીયાદી નો કેસ છે તેઓએ આરોપીને એસી આપેલા છે તેનુ કોઈ બીલ કે ડીલેવરી ચલણ રજુ કરેલ નથી ફરીયાદી સાથે ફરીયાદ મુજબનો કોઈ વ્યવહાર આરોપીને થયેલ નથી ચેકનો દુર ઉપયોગ કરી ફરીયાદ કરેલ છે. ફરીયાદીનુ વર્તન નેચરલ ન હોઈ તેઓનો પુરાવો માની શકાય તેમ નથી તેમ જણાવી તકરારી ચેક કાયદેસરની લેણી રકમનો ન હોવાનુ સ્પષ્ટ થતુ હોઈ ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોઈ આરોપીની નિર્દોષ ઠરાવી છોડી મુકવા માગણી કરેલ છે.

(૯) આમ, હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદી વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તકરારી ચેક આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચૂકવણી માટે આપેલ, જે ચેક ફરીયાદીએ તેની સમય મર્યાદામાં તેમની બેંકના ખાતામાં વટાવવા રજુ કરતા અપુરતા ભંડોળના કારણે પરત ફરતા ફરીયાદીએ નિયત સમયમાં વૈધાનિક નોટીશ આરોપીને ચેકની રકમની માગણી માટે આપેલ અને તે નોટીશ આરોપીને મળી ગયેલ હોવા છતાં ચેકની રકમ ન ચુકવી એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) હકારમાં

(૨) આખરી હુકમ અનુસાર.

(૧૧) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે :–

કા ર ણો

<u>મુદ્દા નંબર : ૧ :–</u>

(૧૨) આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો આક્ષેપ છે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ ધ્યાને લેતાં....

<u>કલમ:૧૩૮ ખાતામાં અપુરતા ભંડોળ વિગેરેને કારણે ચેકનો અસ્વિકાર...</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી

બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે ત્યારે, આવી વ્યકિતએ ગુન્હો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને '' બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા,અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે :......

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણ ચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના ''ત્રીસ દિવસ''ની અંદર તે ચેક લખનારને લેખિત નોટીશ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાક્રમ ધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીશ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશુંજ લાગુ પડશે નહી.

ખુલાસો :– આ કલમના હેતુઓ માટે ''દેવુ અથવા અન્ય જવાબદારી એટલે' જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.''

(૧૩) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ ની જોગવાઈને ધ્યાને લેતાં....

કલમ:૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ વિશે માની લેવાની બાબત,

એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે...

(એ) **અવેજ વિશે :–** દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યુ હતુ,અને એવુ દરેક ખત જયારે તે સ્વિકારમાં આવ્યુ તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય,તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય, ત્યારે તે અવેજને માટે સ્વિકાર્યુ હતુ,તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

(બી) **તારીખ વિશે :–** જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખ કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ, ઉપરોકત જોગવાઈ મુજબ ચેક ઉપર જે તારીખ લખવામાં આવી હોય તે તારીખનો ચેક છે તેવુ અનુમાન કરવાનુ રહે છે.

(સી) ×××××

(ડી) ×××××

(ઈ) ×××××

(એફ) ×××××

(જી) ×××××

(૧૪) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈને ધ્યાને લેતાં.

કલમ:૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન:

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ ૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવું

અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૧૫) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૬ ની જોગવાઈને ઘ્યાને લેતાં....

<u>કલમ:૧૪૬ બેંક સ્લીપ અમુક બાબતોનો પ્રથમ દર્શનીય પુરાવો:</u>

આ પ્રકરણ હેઠળની હરેક કાર્યવાહી બાબતમાં જેના પર ચેક નકારાયાનો બેંકનો ઓફીસીયલ માર્ક હોય છે તે બેંક–સ્લીપ મેમો રજુ કરવામાં આવે ત્યારે બેંક જયાં સુધી આવી હકીકત નાસાબિત થતી નથી ત્યાં સુધી આવો ચેક નકારાયો છે એ હકીકતનુ અનુમાન કરાશે.

(૧૬) ચેકએ ચોકકસ બેન્કરને કરેલ હુકમ છે, વ્યકિતનુ ખાતુ જે બેન્કમાં હોય તે બેન્કને પોતાના ખાતા માંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિત ને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે. જયાં સુધી ચેક નકારવાનુ કોઈ કારણ ન હોય ત્યાં સુધી તેમણે ચેકની રકમની ચુકવણી કરવી પડે. કલમ : – ૩૧ પ્રમાણે જયાં સુધી ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ હોય ત્યાં સુધી પેઈ બેન્કરે ચેકની ચુકવણી કરવી પડે. હાલના વર્તમાન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ચેકથી એટલે કે, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનૂની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતનું ચેક જેવુ કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થઈ જવી જોઈએ અને તે પ્રકારની તેણે કાળજી લેવી જોઈએ અને તેના ઉપરજ આવા નાણાંકીય વ્યવહારોનો વિશ્વાસ ટકી રહેલ છે. જો ચેક આપતી વખતે આવી કાળજીના અભાવે અથવા ઈરાદાપુર્વકની છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ ભંગ થાય અને ચેક પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય અને આર્થીક તંત્ર જે વિશ્વાસના પાયા ઉપર ટકી રહેલ છે, તેમાં ગંભીર

અસર ઉભી થાય. નાણાંકીય વ્યવહારનો પ્રવાહ થંભી જાય છે છેવટે દેશના આર્થીક તંત્રને પણ અસર કરે છે. આમ તમામ સંજોગો ને રોકવા માટે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ થી ૧૪૭ સુધીની જોગવાઈ કરેલ છે અને તે હેતુ ધ્યાને લઈ કેસનો ન્યાયીક નિર્ણય કરવાનો રહે છે.

(૧૭) આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે, આરોપી પક્ષે ફરીયાદ પક્ષની જેમ તેમનો બચાવ નિ:શંકપણે રજુ કરવો જરુરી નથી, સંભવિતતાના માપદંડ પર ફરીયાદ પક્ષના પુરાવાથી અગર આરોપી પક્ષ જાતે સાહેદો ધ્વારા તેનો બચાવ પુરવાર કરવો જોઈએ અને અદાલતે તે લક્ષમાં લઈ ન્યાયીક ગુણદોષ પર નિર્ણય લેવાનો હોય છે.નામદાર સર્વોચ્ચ અદાલતે **બસલીગપ્પા વિ. મુદીબસપ્પા ૨૦૧૯(૦) એ. આઈ. આર. (એસ.સી.) પેજ નં. ૧૯૮૩** ના કેસમાં ઠરાવેલ છે કે,

23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

આમ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ચેકનુ એકઝીકયુશન સ્વીકૃત હોય તો નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેક કાયદેસર ના વસૂલ પાત્ર દેવાની ચૂકવણી માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવાનુ રહે છે અને આ અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે આરોપી આ અનુમાનનુ ખંડન ફરીયાદ પક્ષના કેસના પુરાવા ઉપર થી તથા સંજોગો ઉપરથી અથવા આરોપી પુરાવો રજુ કરી પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટથી બતાવી શકે છે અનુમાનનુ ખંડન આરોપીએ જાતે બોક્ષમાં આવી પુરાવો રજુ કરવુ આવશ્યક નથી. એક વાર આરોપી ફરીયાદી દવારા રજુ રાખવામાં આવેલ પુરાવામાંથી તથા જરૂર પડયે આરોપી પોતાના પુરાવા રજુ રાખી ચેકમા દર્શાવેલ રકમ મુજબનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ન હતુ અથવા તો ફરીયાદી ચેકમા દર્શાવેલ રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર નથી તેવુ સામાન્ય બુધ્ધી ધરાવતો માણસ માનવા પ્રેરાય તે રીતે બતાવવામાં સફળ થાય તો ચેક કાયદેસરના દેવાની વસૂલાત માટે આપવા માં આવે છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી ઉપર શીફટ થાય છે. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે કાલીરામ વિરૂધ્ધ હિમાચલપ્રદેશ ૧૯૭૩(૨) એસ.સી.સી. પેજ નં. ૮૦૮ માં ઠરાવેલ છે કે,

"...One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused.

There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the Court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."

આમ ઉપરોકત ચુકાદાથી સ્પષ્ટ છે કે ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે,સિવાય કે કાનૂની અનુમાન કરવાનુ કાયદામાં ઠરાવવામાં આવેલ હોય પરંતુ આ કાનૂની અનુમાન કરવા અંગે હકીકતનુ અસિત્તવ હોવાનુ ફરીયાદીએ બતાવવાનુ રહે છે અને તે બતાવે થી અનુમાન કરવાનુ રહે છે અને આ અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપી ઉપર ફરીયાદી જેટલો ભારે હોતો નથી.

(૧૮) હવે રેકર્ડ ઉપર ફરીયાદીએ પુરાવો રજુ કરેલ હોઈ જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ તેઓના આંક–૪ ના લેખિત સરતપાસના સોગંદનામામાં તેઓની ફરીયાદ હકીકત દોહરાવેલ છે અને તેઓની ફરીયાદના સપોર્ટમાં આંક–૨૨ થી આંક–૨૬ ના દસ્તાવેજો રજુ કરેલ છે.આરોપી તરફથી વિ. વ.શ્રી એ એન પરમાર ફરીયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ છે ફરીયાદી કબુલે છે કે, તે સંતરામપુરના રહેવાસી છે. અને આરોપી કપડવંજ જી.ખેડાના રહેવાસી છે તથા આરોપી સાથે તેઓને કેટલાક સમયથી મિત્રતાના સંબંધો છે. તે તેઓની નોટીસ, ફરીયાદ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ આ કામે જી.એસ.ટી. વાળુ એસીનું બીલ રજુ કરેલ નથી. એ વાત કબુલ કરે છે કે,તેઓએ આ કામે બિલ રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ અસલ બિલ ગ્રાહક એટલે કે આરોપીને આપેલ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, સને ૨૦૨૧ થી

૨૦૨૫ સુધી સંતરામપુર કોર્ટમાં તેઓએ ૫૫ જેટલી ફરીયાદો ચેક રીટર્નની દાખલ કરેલી છે.તથા તમામ ફરીયાદો ઈલેકટ્રોનિકસના સામાનનાં લેણા બાબતની કરેલી છે. તથા આ કામે તેઓએ અસલ ટીન નં.સાથેના અસલ બિલો તેમજ સેલ ટેકસના ચલણો તેમજ જી.એસ.ટી. ચલણો તેમજ ડીલીવરી ચલણોની પાવતી આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ગ્રાહક હેન્ડ ટુ હેન્ડ ખરીદેલ ઈલેકટ્રીક સામાન લઈ જાય તો તેવા કેસમાં ડીલીવરી ચલણ આપવાનું હોતું નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે,નોટીસ આરોપીને મળેલ નથી. તથા ફરીયાદવાળો ચેક તેઓએ ખોટી રીતે મેળવીને આરોપી સામે ફરીયાદ દાખલ કરેલી છે.તથા આરોપીએ તેઓની પાસેથી ઓનીડા કંપનીના ૫ સ્ટાર એસી નંગ–૩ લીધેલા નથી. એ વાત કબુલ કરે છે કે, ફરીયાદવાળો ચેક તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ બેન્કે ઈસ્યુ કરેલો છે. એ વાતનો ઈન્કાર કરે છે કે,આરોપી પાસે તેઓએ કોઈ કાયદેસરનું લેણુ નીકળતુ નથી.પણ આરોપી પાસે ખોટી રીતે પૈસા પડાવવા માટે ખોટી નોટીસ આપી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.અને ખોટુ પુરાવાનું સોગંદનામું કરેલ છે.

(૧૯) હવે ઉપરોકત રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ મૂલ્યાંકન પ્રસ્થાપિત કાનૂની સિધ્ધાંત ધ્યાને લઈ કરવાનુ રહે છે અને કેસનો ન્યાયીક નિર્ણય કરવાનો રહે છે હવે પ્રસ્થાપિત કાનૂની સિધ્ધાંત છે કે, ચેકમાં આરોપીએ/ડ્રોઅરે સહી કરેલ હોવાનુ પુરવાર થયેલ હોય કે આરોપી/ડ્રોઅરે ચેકમાં તેની હોવાનો સ્વીકાર કરેલ હોય તો **વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે અને અવેજ માટે આપવામાં આવ્યો હતો** તેવુ અનુમાન એન. આઈ. એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં કરવાનુ થાય છે જો કે આ અનુમાન આગળ ઉપર કહયુ તેમ ખંડનાત્મક અનુમાન છે અને તે ફરિયાદ પક્ષે રજુ થએલ પુરાવા ઉપરથી કે આરોપી તરફે થએલ પુરાવા ઉપરથી ખંડન કરી શકાય છે.

(૨૦) આમ, ફરીયાદીની સોગંદ ઉપરની લેખિત સરતપાસ તથા ઉ.ત. ધ્યાને લેતા આરોપીએ સુચન મુકેલ છે કે ફરીયાદ વાળો ચેક ખોટી રીતે મેળવી

આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ છે જે સૂચનનો ફરીયાદીએ સ્પષ્ટ ઈન્કાર કરે છે પરંતુ આ સૂચનથી આરોપી એ ચેકમાં તેઓની સહી છે તેઓના ખાતાનો છે તે પરોક્ષ રીતે સ્વીકારેલ હોઈ ચેક આરોપીના ખાતાનો છે અને તેમાં આરોપીની સહી છે તે હકકીત અનચેલેન્જ હોઈ **વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે અને અવેજ માટે આપવામાં આવ્યો હતો** તેવુ અનુમાન એન. આઈ. એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં કરવાનુ થાય છે હવે આ અનુમાન આગળ ઉપર કહ્યુ તેમ ખંડનાત્મક અનુમાન છે અને તે ફરિયાદ પક્ષે રજુ થએલ પુરાવા ઉપરથી કે આરોપી તરફે થએલ પુરાવા ઉપરથી ખંડન કરી શકાય છે. હવે રેકર્ડ આવેલ પુરાવા ઉપરથી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન કરતો કોઈ પુરાવો કે સંજોગ વ્યાજબી રીતે માની શકાય તેવો રેકર્ડ ઉપર આરોપી પક્ષે લાવેલ છે કે કેમ તે જ હવે જોવાનુ રહે છે.

(૨૧) હવે નિર્વિવાદ હકીકત છે કે નોટીસનો જવાબ આરોપીએ આપેલ નથી અને આરોપીને નોટીસ ખરા સરનામે રજીસ્ટર પોસ્ટથી મોકલવામા આવેલ છે તેવો ફરીયાદનો સ્પષ્ટ પુરાવો છે અને રજીસ્ટર પોસ્ટ એ.ડી નુ કવર જોતા માલીક મળી નહી આવતા નોટીસ પરત થયેલ છે આરોપી જણાવેલ સરનામે રહેતા નથી તેવો તેમનો બચાવ નથી અને તેઓ ફરીયાદમા જણાવેલ સરનામે સમન્સ બજતા હાજર થયેલ છે આમ ફરીયાદી તરફથી જે પુરાવો રજુ છે તે પુરાવાને ખંડન કરતો કોઈ પુરાવો નથી. હવે આરોપીનો બચાવ છે કે ફરીયાદીએ ખોટી રીતે ચેક મેળવી ફરીયાદ કરેલ છે જે સુચન નો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને ફરીયાદી તરફથી એસીના બીલ રજુ કરવામાં આવેલ નથી તેથી ફરીયાદીનો કેસ માની શકાય તેમ નથી હાલના કેસમાં આરોપી તરફથી તેઓનો સહી વાળો ચેક મીસ થયેલ છે તેવી કોઈ ફરીયાદ નથી કે બેંકમાં તેની જાણ કરેલ નથી આમ ફરીયાદીએ બીલ રજુ કરેલ નથી તેવા માત્ર કેસથી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન કરવામાં આવેલ છે તેવુ માની શકાય નહી

(૨૨) ઉપરોકત ચર્ચાઓ તથા ચુકાદાઓને વંચાણે લેતાં ફરીયાદી ધ્વારા કાયદેસરનુ લેણુ હોવાનુ પુરવાર કરેલ હોય અને તે લેણા પેટે આરોપી ધ્વારા વાદગ્રસ્ત ચેક આપવામાં આવેલ હોય તેમજ સદર ચેક ખોવાઈ ગયેલ હોય તેવી કોઈ રજુઆત આરોપી તરફે કરવામાં આવેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી ધ્વારા પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોય, ફરીયાદીના હાલના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તેવુ જણાવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદી તેઓની ફરીયાદ આરોપી સામે નિ:શંકપણે સાબિત કરવામાં સફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છુ.

(૨૩) સબબ''એકટ''ની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો એ સમરી/સમન્સ ટ્રાયેબલ ગુનો છે. 'સંહિતા' ની કલમ-૨૫૫(૨)ની જોગવાઈ ધ્યાને લેતાં જયારે મેજીસ્ટ્રેટ આરોપીને કોઈ સમન્સ કેસમાં તકસીરવાર ઠરાવે ત્યારે સજાનો હુકમ કરતા અગાઉ આરોપીને સાંભળવાની તક આપવી અનિવાર્ય નથી. પરંતુ હાલના કેસમાં આરોપીની સજાની માત્રા અંગે યોગ્ય રજુઆત કરવા માટેની બંને પક્ષકારોને યોગ્ય તક મળે તે હેતુથી બંને પક્ષકારોને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવેલ પંરતુ આજરોજ આરોપી હાજર રહેલ નથી પરંતુ તેઓના વિ.વકીલ શ્રી હાજર રહેલ છે અને આરોપી અંગત કામમાં રોકાયેલ હોવાથી હાજર રહેલ નથી પરંતુ આરોપીએ ફરીયાદીને આજરોજ ચેકની બાકી નીકળતી રકમ ચુકવી આપેલ છે રકમનો ચેક આપેલ છે આરોપી ફરીયાદીના નાણા ચુકવી આપવાનો શુઘ્ધ ઈરાદો ધરાવે છે નાણા ભીડના કારણે વાયદાનુ પાલન કરી શકેલ નથી તેમ જણાવી આંક ૫૮ થી પુરસીસ રજુ કરેલ છે અને ફરીયાદી તથા તેના વિ.વકીલ શ્રી દાણી હાજર છે અને તેઓ આંક ૫૮ ની હકકીત કબુલ રાખેલ છે આમ આરોપી તથા ફરીયાદીએ કોર્ટ બહાર નેગોશીએશન કરી તેઓના વ્યવહારનો અંત લાવેલ છે. આમ આ તમામ હકકીત ધ્યાને લેતા તથા આરોપી સામેના આક્ષેપીત ગુનો ધ્યાને લેતા તથા સજાના પ્રમાણ અંગેના નામદાર સર્વોચ્ચ અદાલત તથા વડી

અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ ન્યાયના હિતમાં મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

<u>–:: આખરી હુકમ ::–</u>

- આરોપી શેખ શકીલ સીકંદર રહે:ઈસ્લામપુરા કુવાવાળી ફળી, મુ.કપડવંજ, જી.ખેડા.નાઓનેફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –રપપ (ર) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના શિક્ષા પાત્ર ગુના સબબ તકસીરવાર ઠરાવી રૂા. ૫૦૦/–(અંકે રૂપિયા પાચ સો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓને એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૦ માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તારીખ:– ૨૦/૦૪/૨૦૨૬ (જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)
સ્થળ:– સંતરામપુર એડી.ચીફ જયુડી.મેજી.સંતરામપુર
જજ કોડ જીજે ૦૧૦૭૭